# ગેસ ગુંગળામણથી કામદારનું મોત, કંપની પર હલ્લાબોલ

**દહેજની** મેઘમણી કંપનીની ઘટના

**કંપની** યોગ્ય વળતર નહીં આપે તો કામદારનો મૃતદેહ ગેટ પર મૂકી જવાની ચીમકી, મોડેથી કંપની સંચાલકોના સમાધાનના પ્રયાસ શરૂ





ભરૂચ : દહેજની એક કંપનીમાં ગેસ ગૂંગળામણથી એક કામદારનો શ્વાસ બંધ થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. મેઘમણી કંપનીમાં ગેસ લીકેજથી સીગામ ગામના વતની અને ભરૂચમાં રહેતા યુવરાજસિંહ અર્જુનસિંહ યાદવનું ગુંગળામણને પગલે મોત થતા પરિજનોમાં શોકની લાગણી ફરી વળી છે. કંપનીના મેનેજમેન્ટ સ્ટાફે મોબાઈલ સ્વિચ ઓફ કરી દઈને અમાનવીય વર્તન કરતા આખરે રવિવારે મૃતકનાં અને પરિવારો, સમાજ અને ગામલોકોનું ટોળું દહેજ કંપનીનાં ગેટ પર પહોંચી ગયા હતા. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે કોઈ નિરાકરણ નહીં આવે તો મૃતકની ડેડબોડી કંપનીના ગેટ પર મુકી દેવાશે. દહેજ પોલીસે ઘટના અંગે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ લખાય છે ત્યાં સુધીમાં જવાબદાર સામે હજી કોઈ પોલીસ ફરિયાદ દાખલ થઈ નથી.

દહેજની મેઘમણી કંપનીના પ્લાન્ટ નંબર-5માં એક કામદારનાં મોતની ઘટના બની છે. ગેસ લાગવાથી આ કામદારનું મોત થતા તેના પરિવારજનો હેબતાઈ ગયા છે. જંબુસર તાલુકાના સીગામનાં વતની યુવરાજસિંહ અર્જુનસિંહ યાદવનું મોત થતા ગ્રામજનો અને પરિજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. દહેજ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણી વાર આવા બનાવો બનતા હોય છે, જેમાં કામદારોની સલામતીની તકેદારી નહીં રખાતા તેમણે મોતને ઘાટ ઉતરવું પડે છે.

પોલીસે મોડે મોડે કંપનીનાં અન્ય કામદારોનાં નિવેદન લઈને તપાસ હાથ ધરી છે. કામદારના મૃતદેહને PM માટે ખસેડાયો છે. લગભગ 20 કલાક થવા છતાં હજુ સુધી કંપની મેનેજમેન્ટ દ્વારા મૃતકના પરિજનોને સહાય આપવાની કોઈ વાત થઈ નથી. જો કે સીગામના ગ્રામજનો અને તેના પરિજનોનું ટોળું કંપનીના ગેટ પર પહોંચી ગયું હતું. ગ્રામજનોએ ભારે નારાજગી સાથે કહ્યું છે કે જો કોઈ યોગ્ય ઉકેલ નહીં આવે તો મૃતક યુવરાજસિંહની ડેડબોડી ગેટ પર મૂકી જઈશું. એવી વિગતો સાંપડી છે કે કંપનીનું મેનેજમેન્ટ અને તેમના સગાસંબંધીઓ વાતચીત કરી રહ્યા છે.

# બોર્ડની પરીક્ષા પહેલા દસ્તાવેજો સુધારી શકાશે

**15** નવેમ્બરે સુરત ડાયમંડ એસોસિએશન ગર્લ્સ હાઈસ્કૂલમાં કેમ્પ યોજાશે

**નામ,** અટક, જાતિ, જન્મતારીખ અને પિતાના નામમાં ફેરફારની તાત્કાલિક મંજૂરી

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચ-૨૦૨૬ની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માટે આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા વચ્ચે વિદ્યાર્થીઓને મોટી રાહત આપવામાં આવી છે. અરજીમાં વિદ્યાર્થીઓના નામ, અટક, જાતિ, જન્મતારીખ અથવા પિતાનું નામ જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજોમાં ભૂલ કે વિસંગતતા રહી ન જાય તે માટે સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સુધારણા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ ૧૫ નવેમ્બરના રોજ સુરત ડાયમંડ એસોસિએશન ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સવારે ૧૦.૩૦ થી બપોરે ૨ વાગ્યા સુધી યોજાશે. કેમ્પમાં શાળાઓ દ્વારા રજૂ કરાયેલા વિદ્યાર્થીઓના સુધારા કેસોની સ્થળ પર જ તપાસ કરી તાત્કાલિક મંજૂરી આપવામાં આવશે. શિક્ષણ વિભાગના સુત્રો મુજબ, બોર્ડ ફોર્મ ભરવા દરમિયાન દસ્તાવેજોમાં સામાન્ય રીતે નાની-મોટી ભૂલો દેખાઈ આવતી હોવાને કારણે આ વર્ષે અગાઉથી જ સચોટતા સુનિશ્ચિત કરવા માટે આ પહેલ કરવામાં આવી છે. ખાસ કરીને નામ, અટક, જાતિ અને જન્મતારીખ જેવી વિગતો બોર્ડ સર્ટિફિકેટમાં સ્થાયી રીતે નોંધાતી હોવાથી તેમાં કોઈ ખામી ન રહે એ માટે પૂર્વ તૈયારી રૂપે આ કેમ્પ ઉપયોગી સાબિત થશે. જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાઓને સૂચના આપી છે કે તેઓ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની સુધારણા ફાઈલોને અગ્રતા આપે અને ધોરણ ૯ અને ૧૧ માટે અલગ ફાઈલ તૈયાર કરે, જેથી તપાસની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે. આ કેમ્પથી શહેર અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓના અનેક વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા પહેલાં જ પોતાના દસ્તાવેજોમાં જરૂરી સુધારાઓ કરાવવાની તક મળશે, જેના પરિણામે પછીથી થતા વહીવટી ઝંઝટ અને વિલંબમાં ઘટાડો થશે.

**બેંકના નાણાં ભરી દીધા હોવા છતાં બોજા મુક્તિ પ્રમાણપત્ર મામલામાં**

# ભરત પટેલ સામે ચાર્જશીટ માટે હાઈકોર્ટનો મનાઈ હુકમ

**જિલ્લાના** સહકારી ક્ષેત્રના બે જૂથોનું લડાઈમાં રાજકીય વગ વાપરી ભેરવવાનો વધુ એક મામલો હાઇકોર્ટ પહોંચ્યો

સુરત : સુરત જિલ્લા ભાજપ અને સહકારી ક્ષેત્રના બે જૂથો વચ્ચે ચાલી રહેલા વેરઝેરના રાજકીય દુરુપયોગના મામલા હાઈકોર્ટમાં પહોંચી રહ્યાં છે. સુમુલ ડેરીના 4 ડિરેક્ટર સામેનો મામલો હાઈકોર્ટ ગયા પછી હવે સુમુલની નોગામા દૂધ મંડળી અને સેવા સહકારી મંડળીના પ્રમુખ માંગરોળ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ નટવરભાઈ પટેલ (રહે. નોગામા તા.માંગરોળ) નો મામલો હાઈકોર્ટ પહોંચ્યો છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયધીશ નિર્ઝર દેસાઈએ CMA પીટીશન ક્રમાંક 11824/2025 ના કેસમાં બંને પક્ષોની દલીલ પછી સહકારી આગેવાન ભરત પટેલ સામે ચાર્જશીટ દાખલ કરવા સામે હાઈકોર્ટનો મનાઈ હુકમ આપવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, ભરતભાઈ નટવરભાઈ પટેલની માંગરોળમાં આવેલી જમીનમાં પડેલા રૂપિયા 95 હજારના બોજા મુક્તિ માટે મામલતદાર કચેરીમાં બેંક ઓફ બરોડા અરેઠ શાખાનું રૂપિયા 95 હજારનું બોજા મુક્તિ પ્રમાણપત્ર બનાવટી અને ખોટું હોવાના આક્ષેપ સાથે માંડવી પ્રાંત ઓફિસર કૌશિક જાદવ દ્વારા કોંસબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસમાં કોસંબા પોલીસે ભરત પટેલની ધરપકડ કરી હતી. એ પછી જેલ કસ્ટડીમાંથી જામીન મુક્ત થયેલા ભરત પટેલે કોસંબા પોલીસ સ્ટેશનમાં પોતાની સામે ગુનો દાખલ કરાવનાર પ્રાંત અધિકારી કૌશિક જાદવ અને રાજ્ય સરકારને પક્ષકાર બનાવી ખોટો દાખલો બનાવી રજુ કર્યાની નોંધાવેલી ફરિયાદને લઈને હાઈકોર્ટે ચાર્જશીટ રજૂ કરવા પર સ્ટે આપી પ્રાંત અધિકારીને હાઈકોર્ટમાં જવાબ રજુ કરવા આદેશ આપ્યો છે.

આ કેસમાં એડવોકેટ ગૌતમ દેસાઈ અને રાકેશ મૈસુરીયાએ ચાર્જશીટ વિના જ સુરતની સેશન્સ કોર્ટે જામીન મુક્ત કર્યાનો હુકમ મેળવ્યો હતો. એ પછી ફરિયાદ રદ કરવા ભરતભાઈ વતી ક્વોશિંગ એન્ડ સેટ એ સાઈટ પીટીશન ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ યશ નાણાંવટી દ્વારા દાખલ કરવામાં આવી હતી.

નાણાંવટીએ ભરતભાઈની તરફેણમાં એવી દલીલો કરી હતી કે એફ.આઈ.આરમાં અસીલ ઉપર ખોટા અને રાજકીય વગનો ઉપયોગ કરીને ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ન્યાયધીશ દેસાઈએ સુનાવણી દરમિયાન પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, જ્યારે ૩૧.૦૧.૨૦૨૫ ના રોજ બેંકના સંપૂર્ણ નાણાં ભરપાઈ થઈ ગયા છે. એ હકીકત ફરિયાદ કરતી વખતે ધ્યાનમાં કેમ લેવામાં આવી નથી અને નાણાં ભરપાઈ થયાના બે માસ પછી ફરિયાદ કેમ કરવામાં આવી?

# ટેક્સટાઈલ માર્કેટ પાસે સફાઈ કામદારની હત્યા

**ભાઈની** મંગેતર સાથે વાતચીત કરતો હોવાની શંકાના આધારે ચપ્પુના ઘા ઝીંકી દેવાયા

સુરત : રિંગ રોડ પર આવેલી સુરત ટેક્સ્ટાઈલ માર્કેટના પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં આજે સવારે બે સફાઈ કામદાર વચ્ચે ભાઈની મંગેતર સાથે વાતચીત કરતો હોવાની શંકા લઈ ઝગડો થયો હતો.ઝગડા દરમિયાન એક કામદારે ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલા ચપ્પુ વડે અન્ય કામદારની હત્યા કરી નાંખી ભાગી છૂટ્યો હતો. ત્યાં હાજર અન્ય કામદારો ઘાયલ યુવકને સારવાર અર્થે ચપ્પુ સાથે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા.જ્યાં સારવાર દરમિયાન યુવક કામદારનું મોત નીપજ્યું હતું.

આ ઘટના અંગે ડિંડોલીના સુમન કેશવ આવાસ એપાર્ટમેન્ટમાં રહેતા 44 વર્ષીય વિનોદભાઈ બુધાભાઈ ચૌહાણે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, સુરત ટેક્સટાઈલ માર્કેટના પાર્કિંગ પ્રોજેક્ટમાં તેમનો ભત્રીજો બ્લોક નંબર 'ઓ' (O) અને 'એસ' (S) વચ્ચે, ગેટ નંબર પના રોડ પર સરદાર અને આરોપી મુકેશ મધુકર સકટે (રહે. મહાદેવ નગર - 1 ડીંડોલી) વાતચીત કરતા હતા.

આરોપી મુકેશના ભાઈની સગાઈ જે છોકરી સાથે કરી હતી.તે છોકરી સાથે મરણ જનાર સરદાર ઉર્ફે ચક્કા વાતચીત કરતો હોવાની શંકા લઈ બંને વચ્ચે ઝઘડો થયો. આ ઝગડો ઉગ્ર બની જતા તેમના સાથી કામદારોએ બંનેને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ મુકેશે અચાનક તેની પાસેનું ચપ્પુ કાઢીને સરદારના પેટમાં મારી દીધું હતું. તેથી સરદાર નીચે પડી ગયો હતો અને તેનું લોહી વહેવા લાગ્યું હતું. તેને તાત્કાલિક સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયો હતો જ્યાં તેનું મોત થયું હતું.

**દરિયાનું પાણી પીવા લાયક બનાવવા માટે**

# સુવાલી બીચ પર ડિસ્ટિલેશન પ્લાન્ટ નાંખવામાં આવશે

**હજીરા** નોટિફાઈડ GIDC ની 1.20 કરોડની ગ્રાંટમાંથી સુવાલી બીચ પર ડિસ્ટિલેશન પ્લાન્ટ નાંખવામાં આવશેઃ સંદિપ દેસાઈ

**સુંવાલી** જવા ડબલ ટ્રેક રોડ, પ્રવાસીઓ માટે વન કુટિર, સ્ત્રી - પુરુષ માટે અલાયદી પબ્લિક ટોયલેટ્સ, ત્રણ રેમ્પ, સ્ટ્રીટ લાઈટની કામગીરી પૂર્ણ થઈ

સુરતઃ સુરતીઓને સુરતની નજીક જ એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્વચ્છ બીચ મળે એ માટે ચોર્યાસી વિધાનસભા બેઠકના ધારાસભ્ય સંદિપ દેસાઈના સક્રિય પ્રયાસો સારા પરિણામ તરફ આગળ વધી રહ્યા છે. હજીરાના



સુંવાલી બીચ જવા એક સાંકડો રસ્તો સિવાય કોઈ સુવિધા ન હતી.

પણ વીતેલા ત્રણ વર્ષમાં સુવાલી બીચની કાયાપલટ કરી દેવામાં આવી છે.હવે સુવાલી બીચ પર દરિયાનું ખારુ પાણી મીઠું પીવા લાયક બનાવવા ડિસ્ટિલેશન પ્લાન્ટ નંખાશે.ધારાસભ્ય સંદીપ દેસાઇએ જણાવ્યું હતું કે,"હજીરા નોટિફાઈડ GIDC ની 1.20 કરોડની ગ્રાંટમાંથી સુવાલી બીચ પર ડિસ્ટિલેશન પ્લાન્ટ નાંખવામાં આવશે.ખારુ પાણી સ્ટીમમાં તબદીલ કરી તેને ઠંડુ પાડી ફરી પીવાલાયક પાણીમાં રૂપાંતર કરાશે.

અહીં 10 મીટર લાંબો ડામરનો ડબલ રોડ બનાવી દેવામાં આવ્યો છે.સુંવાલી બીચ જવા માટેના ટર્નિંગથી બીચ પહોંચવા સુધીના વિસ્તારમાં LED સ્ટ્રીટ લાઈટ્સ અને દરિયાકિનારે ગરમીમાં તડકાથી બચવા માટે અને છાંયડામાં દરિયાનો નજારો માણવા સહેલાણીઓ માટે વન વિભાગે પ્રવાસીઓ માટે વન કુટિર બનાવી છે. જિલ્લા પંચાયતે જાહેર શૌચાલયો બનાવ્યા છે.અંદાજિત રૂ.220.00 લાખના ખર્ચે સુંવાલીના દરિયા કિનારે 4 વિવિઆઈપી રૂમ,ટેરેસ લાઉન્જ,કિચન પાર્કિંગ સુવિધા સાથેનું વિશ્રામ ગૃહ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. 24 સપ્ટેમ્બરના જેનું ખાતમુહૂર્ત કરી કામ શરૂ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ચોર્યાસી ધારાસભ્ય સંદિપ દેસાઈના અથાગ પ્રયાસોથી સુરતીઓને મોકળાશથી ફરવા માટે સુવાલી બીચ જેવું નવું ડેસ્ટિનેશન મળ્યું છે.

**સુંવાલી બીચની કાયાપલટ કરવા છેલ્લા 3 વર્ષમાં આ કામો થયા**

- » 6 કરોડ રૂપિયાના ખર્ચે 10 મીટર પહોંળો ડામર રોડ
- » 2.20 કરોડ રૂપિયાના ખર્ચે રેસ્ટહાઉસનું નિર્માણ
- » 4.27 લાખ રૂપિયાના ખર્ચે પુરુષ - મહિલાઓ માટે શૌચાલય
- » 10 લાખ રૂપિયાના ખર્ચે શહેર પોલીસનો વોચ ટાવર
- » 40 લાખના ખર્ચે 30 મીટર ઊંચાઈ અને 40 વોટ્સની 16 લાઈટ ધરાવતો હાઈમાસ્ટ ટાવર
- » દરિયા કિનારા સુધી પહોંચવા સહેલાઈથી ચઢી અને ઊતરી શકે તે માટે ત્રણ રેમ્પ
- » અંદાજિત 4 લાખ રૂપિયાના ખર્ચે વન વિભાગની વનકૂટીર
- » 1.20 કરોડના ખર્ચે ખારુ પાણી પીવાલાયક બનાવવા ડિસ્ટિલેશન પ્લાન્ટ ટૂંક સમયમાં શરૂ થશે.
- » 1કરોડ રૂપિયાના ખર્ચે 350 સોલાર લાઈટ્સ, 8 મીટર ઊંચા પોલ ઊભા કરાશે
- » ધારાસભ્ય સંદીપ દેસાઈની 10 લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી બે મોબાઈલ ટોઇલેટ વાન
- » અત્યાર સુધીમાં બે સુંવાલી બીચ ફેસ્ટિવલ થયા, બંને વખતે સરકારે 50/50 લાખની ગ્રાંટ આપી

## આરપીએફના હાથે ચાર ચોર ઝડપાયા

સુરત : તહેવારી સિઝનમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પશ્ચિમ રેલવેની રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા હાથ ધરાયેલા 'ઓપરેશન યાત્રી સુરક્ષા' અભિયાન અંતર્ગત અલગ-અલગ સ્ટેશનો પર ચાલેલા ચેકિંગ અને રેડ દરમિયાન આરપીએફએ કુલ ચાર ચોરોને ઝડપી પાડ્યા છે, જેઓ ટ્રેનોમાં મુસાફરોની કિંમતી વસ્તુઓ ચોરી કરતા હતા. તેમની પાસેથી કુલ રૂપિયા ૮૫,૯૯૬નો ચોરાયેલો મુદ્દામાલ મળી આવ્યો છે. આ અભિયાન દરમિયાન સુરત રેલવે સ્ટેશન પરથી ઝડપાયેલા એક આરોપી પાસેથી ૬ સ્માર્ટફોન જપ્ત કરવામાં આવ્યા હતા. આરોપીઓ સ્ટેશન પર ધીમી ગતિએ આવતી કે ઉભી રહેતી ટ્રેનોમાં ચઢતા-ઉતરતા મુસાફરોને નિશાન બનાવતા હતા. તક મળતા જ મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ કે બેગ ઝૂંટી લેતો અને ભીડમાં ગાયબ થઈ જતો હતો.

# GSTમાં કારખાનેદાર બ્લોક ક્રેડિટનો ઉપયોગ કરી શકશે

**યાર્નની** ખરીદી પર જીએસટી ભરપાઈ કરવાની જરૂર નહીં પડે

**નવી** ખરીદી પરનો ટેક્સ અગાઉથી જમા થયેલી ક્રેડિટમાંથી સરભર થઈ જશે

સુરત : જીએસટી કાઉન્સિલની છેલ્લી બેઠકમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાંથી ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર કાઢવાના નિર્ણયને પગલે કારખાનેદાર બ્લોક થયેલી ક્રેડિટનો ઉપયોગ હવે કરી શકશે. નવા જીએસટી સુધારા પછી મોટાપાયે અગાઉ બ્લોક થયેલી ક્રેડિટનો ઉપયોગ કારખાનેદારો કરી શકશે. વિવર્સ જ્યારે યાર્નની ખરીદી કરશે ત્યારે તેને જીએસટી ભરપાઈ કરવાની જરૂર નહીં પડે. નવી ખરીદી પરનો ટેક્સ અગાઉ જમા થયેલી ક્રેડિટમાંથી સરભર થઈ જશે.જોકે આ લાભ જે વિવર્સની ઈનપુટ ટેક્સ ક્રેડિટ અગાઉથી જમા છે. એવા પાવરલૂમ કારખાનેદારોને જ મળશે. એક સમાન જીએસટીને કારણે તેને સરળતાથી વસૂલ પણ કરી શકશે.

ઉદ્યોગ મહાસંઘના આગેવાનોનું કહેવું છે કે નવા જીએસટી સુધારા પછી સુરતના વિવિંગ ઉદ્યોગકારોને મોટી રાહત મળી છે.

વર્ષો સુધી ઈન્વર્ટેડ ટેક્સ સ્ટ્રક્ચરના કારણે બ્લોક થયેલી કરોડો રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)નો વિવર્સ હવે ઉપયોગ કરી શકશે. એને લીધે વિવિંગ ઉદ્યોગની વર્કિંગ કેપિટલમાં વધારો થયો છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં અગાઉ યાર્ન, વિવિંગ, પ્રોસેસિંગ અને ફિનિશિંગ પર અલગ અલગ દરે જીએસટી લાગતો હતો.

# સચિનમાં ધો.12ના વિદ્યાર્થીનો ભેદી સંજોગોમાં આપઘાત

**આપઘાતના** કારણ અંગે ઘેરાતું રહસ્ય

સુરતઃ સચિન ખાતે રહેતા કિશોરે ઘરના પંખા સાથે કમર માં પહેરવાનો પટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કિશોર ધોરણ 12 માં અભ્યાસ કરતો હતો. તેણે કયા કારણસર આ પગલું ભર્યુ છે તે હજી રહસ્ય છે.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ સચિન વિસ્તારમાં આવેલી શિવહરી રો હાઉસમાં રહેતા હિમાંશુ ભાઈ રાઠોડ બાટલી બોય કંપનીમાં નોકરી કરે છે. તેમના બે પુત્રો પૈકી 16 વર્ષીય તન્મય રાઠોડ ધોરણ 12 માં અભ્યાસ કરતો હતો. તેણે શનિવારે રાત્રે ઘરના પંખા સાથે કમરમાં પહેરવાનો પટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ઘટનાની જાણ પરિવારજનોને થતાં તેઓ સ્તબ્ધ રહી ગયા હતા. તન્મય એ કયા કારણોસર આપઘાત નું અંતિમ પગલું ભર્યું તે હાલમાં અકબંધ રહ્યું છે.

પુત્રના મોતથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.

# પાટીચાલમાંથી ફરી 2.76 લાખનો ગાંજો ઝડપાયો

**5.381** કિલો ગાંજો કિશોર વેચે તે પહેલા ઝડપાયો

સુરતઃ વરાછા પોલીસ મથકે એન.ડી.પી.એસ. એક્ટ, હેઠળ માદક પદાર્થોની હેરાફેરી કરતા તત્વો સામે સખ્ત કાર્યવાહી હાથ ધરી છે. ગુપ્ત બાતમીના આધારે પોલીસે વરાછા રેલ્વે પટરી નજીક આવેલ પાટીચાલ ઝુપડપટ્ટીમાં છાપો મારી 5.381 કિલો વજનનો વનસ્પતિજન્ય માદક પદાર્થ 'ગાંજો' અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 2,76,870/-નો જથ્થો કબજે કર્યો હતો.

**સિંગણપોરનો યુવાન 22 ગ્રામ ગાંજા સાથે ઝડપાયો**

સુરતઃ સિંગણપોર પોલીસે રૂપિયા 1000ની કિંમતના 22.30 ગ્રામ ગાંજા સાથે સાહિલ આશીષભાઈ પટેલ (રહે, ગણેશ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી સોસાયટી, સિંગણપોર)ને ઝડપી પાડ્યો હતો.

વરાછા પોલીસે ઝુપડપટ્ટી વિસ્તારમાં ચેકિંગ અભિયાન હાથ ધર્યું હતું. આ દરમ્યાન, પોલીસે એક કિશોરને કાયદાના સંઘર્ષમાં પકડ્યો હતો જે પાસેથી 5.381 કિલો ગાંજાનો જથ્થો મળ્યો હતો. પૂછપરછમાં ખુલ્યું કે આ ગાંજો અરબાઝ ઉર્ફે ગુલામગોસ અબ્દુલ અજીજ ખાન (રહે- પાટીચાલ ઝુપડપટ્ટી, વરાછા) એ કિશોરને વેચાણ માટે આપ્યો હતો જેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે .પોલીસે સ્થળ પરથી મળેલ ગાંજાની કિંમત અંદાજે રૂ. 2,69,050/- જેટલી ગણાવી છે. ઉપરાંત કિશોર પાસેથી મોબાઈલ ફોન (કિંમત રૂ. 6,000/-) અને રોકડા રૂ.1,820/- સહિત કુલ રૂ. 2,76,870/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### 13 ડિગ્રી...

પર મોટરસાયકલચાલકો અને ઓફિસ જનારાઓ હળવા સ્વેટર અથવા જાકેટ પહેરતા જોવા મળે છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધુ ઘટાડાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

### નલિયા, વડોદરા...

અમદાવાદમાં 15 ડિ.સે.,ડી સામાં 15 ડિ.સે., ગાંધીનગર 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે., વડોદરામાં 14 ડિ.સે. અને સુરતમાં 17 ડિ.સે. ઠંડી (લઘુત્તમ તાપમાન) નોંધાવવા પામી છે.

### નેપાળમાં ગુમ...

હિમવર્ષામાં સંપર્કવિહોણા બનેલા આ બંને ટ્રેકર્સના મૃતદેહો સશસ્ત્ર પોલીસે બરફ નીચે દટાયેલી હાલતમાં શોધી કાઢ્યા હતા.

પર વર્ષીય ટ્યુશન શિક્ષક જિગ્નેશકુમાર લલ્લુભાઈ ભંડારી ઘણા વર્ષોથી હિમાલયના પર્વતો પર ટ્રેકિંગ માટે જતા હતા. તેમની સાથે તેમની ૧૭ વર્ષીય પુત્રી પ્રિયદર્શની ભંડારી પણ ટ્રેકિંગ પર જતી હતી. તેને ટ્રેકિંગનો નાનપણથી જ ભારે શોખ હતો. પ્રિયદર્શની ઉર્ફે પ્રિયાંશી સુરતની વનિતા વિશ્રામ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલમાં ધોરણ-11માં અભ્યાસ કરતી હતી અને ભણવામાં ખૂબ જ હોશિયાર હતી.

પિતા-પુત્રીની આ જોડી ૧૪મી ઓક્ટોબરના રોજ કડોદથી નેપાળ માટે રવાના થઈ હતી અને ૨૧મી ઓક્ટોબરથી તેઓએ ટ્રેકિંગ શરૂ કર્યું હતું, જ્યાંથી તેમનો પરિવાર સાથેનો સંપર્ક કપાયો હતો. તેઓ ૩૧મી ઓક્ટોબરના રોજ પરત ફરવાના હતા. પરિવારે અનેક સંપર્ક કરવા છતાં તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. મોટા પ્રમાણમાં થયેલી હિમવર્ષાને કારણે બંને ગુમ થયા હોવાનું માનવામાં આવ્યું હતું.

પરિવારે તરત જ ભારતીય એમ્બેસીનો સંપર્ક કરીને શોધખોળ માટે મદદ માંગી હતી. જે હોટેલમાં તેઓ રોકાયા હતા, તેના દ્વારા પણ સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પ ર્વતીય બચાવ તાલીમ એકેડમી મનાંગને જાણ કરવામાં આવી હતી.

તાલીમ એકેડમીના પ્રથમ પ્રયાસમાં સફળતા ન મળતા, ૯મી નવેમ્બરના રો જ સશસ્ત્ર પોલીસ નાયબ અ ધિક્ષક હિરાબહાદુર જીસીના કમાન્ડ હેઠળ બચાવ ટુકડી ફરી તૈનાત કરવામાં આવી હતી. સશસ્ત્ર પોલીસ દળના સહ-પ્રવક્તા ડીએસપી શૈલેન્દ્ર થાપાએ માહિતી આપી હતી કે માઉન્ટેન રેસ્ક્યુની તાલીમ પામેલી ટીમે રવિવારે બપોરે લગભગ ૨ વાગ્યે તેમના મૃતદેહ એક ગુમ્બાથી લગભગ સો મીટર ઉપર બરફ નીચે દટાયેલી હાલતમાં શોધી કાઢ્યા હતા.

**ગયા વર્ષે પણ ટ્રેકિંગમાં ઇજા થઇ હતી**

ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૪માં પણ ટ્રેકિંગ દરમિયાન ગંગાપૂર્ણા ગ્લેશિયરની ચડાઈ વખતે જીજ્ઞેશભાઈને ગંભીર ઇજા થઈ હતી. ૫૧૦૦ મીટરની ઊંચાઈ પર પગ લપસતા ઇજાગ્રસ્ત થયા હોવા છતાં, તેમણે આખી રાત -૫ ડિગ્રી તાપમાનમાં પુત્રીને બચાવી હતી અને પોતાનું લક્ષ્યાંક પૂર્ણ કર્યું હતું. નિયતિને કંઈક અલગ જ મંજૂર હોવાથી, આ બહાદુર પિતા-પુત્રીની જોડીએ આખરે બરફના પહાડોમાં અંતિમ શ્વાસ લીધા, જે કડોદ પંથક માટે એક મોટી ખોટ છે.

### ભેંસનું હડકવાથી...

મુકાવી હતી. ત્યારબાદ તેમના દૂધના ગ્રાહકોને તેમજ બરી ખાનારા લોકોને પણ જાણ કરી હતી. જેથી તેમના ગ્રાહકોમાં ભયનો માહોલ ફરી વળ્યો છે અને તબીબની સલાહ મુજબ આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગામલોકોએ વેક્સિન મુકાવવા દોટ લગાવી હતી. ગઈકાલે સાંજ સુધીમાં ગામના ૩૨ લોકોએ વેક્સિન મુકાવી હતી, તેમજ હજુ પણ વધુ લોકો વેક્સિન મુકાવવા આવનાર હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું છે.

આ બાબતે કોબલા ગામના ભેંસ માલિક જયેન્દ્રસિંહ રાજે જણાવ્યું હતું કે ભેંસને કૂતરું કરડી જતાં હડકવા થયો હતો. પરંતુ જે તે સમયે અમોને જાણ નહોતી. જ્યારે ભેંસને હડકવાના લક્ષણો જણાયા ત્યારબાદ ત્રણ દિવસ પછી ભેંસ મૃત્યુ પામી હતી. આ બાબતે સામુહિક આરોગ્ય કેન્દ્રના ડૉ.માનસીએ જણાવ્યું હતું કે કોબલા ગામે ભેંસને હડકવા થયા બાદ ભેંસ મૃત્યું પામી હતી, જેથી કેબલા ગામના લોકો, કે જેમણે ભેંસનું દૂધ પીધું હતું તે બધા ગ્રાહકોને અહીંયા વેક્સિન મુકવામાં આવી રહી છે.

### દેલાડવાના...

આવેલી માં ખોડિયાર રેસિડેન્સીમાં રહેતા 33 ભાવેશ ભાઈ રાહુલ ભાઈ ક્વાડ હોમ્યોપેથિકના ડોક્ટર હતા. તેમના 2 વર્ષ પહેલા લગ્ન થયા હતા. તેમના પત્ની હાલમાં અમદાવાદ ખાતે નોકરી કરી છે. ભાવેશ ભાઈએ શુક્રવારે રાત્રે ગોડાદરા વિસ્તારમાં આવેલી હોટલ નેસ્ટના રૂમ નંબર 8 રૂમ લઈ રોકાયા હતા. દરમિયાન તેમણે એનેસ્થેશિયાનો ઓવર ડોઝ લઈ લીધો હતો. જેથી તેઓ બેભાન થઈ ગયા હતા. દરમિયાન શનિવારે બપોરે હોટલના સ્ટાફે તેમના રૂમનો દરવાજો ખખડાવતા તેઓએ દરવાજો ખોલ્યો ન હતો. જેથી સ્ટાફે હોટલ જવાબદાર વ્યક્તિને બોલતા તેઓએ દરવાજો ખાલી જોતાં ભાવેશ ભાઈ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. જેથી ઘટનાની જાણ ગોડાદરા પોલીસને કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળ પહોંચી ભાવેશ ભાઈના મૃતદેહનો કબજો લઈ પીએમ કરાવવા માટે સ્મીમેર હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.જેથી સ્મીમેર હોસ્પિટલમાં તેમનું ફોરેન્સિક પીએમ કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક રિપોર્ટના જાણવા મળ્યું હતું કે ભાવેશ ભાઈએ એનેસ્થેશિયાનો ઓવર ડોઝ લીધો છે. જેના કારણે તેમનું મોત નીપજ્યું છે. વધુ ગોડાદરા પોલીસને હોટલમાંથી પત્નીના નામે લખેલી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. હાલતો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ભાવેશ ભાઈની પત્ની સાથે તેમનો અણબનાવ બનતા આપઘાત અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે હાલતો ગોડાદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મૃતદેહ પાસેથી...

ચિત્રો મળી આવ્યા છે. એક પાનાં પર મોટા અક્ષરે 'મારો ન્યાય' લખેલું છે, જે તેમની માનસિક સ્થિતિના સંકેત તરીકે જોવાઈ રહ્યું છે. બીજા પાનાં પર 'વાઇફ ધારા' લખીને તેની નીચે પત્નીનો ચહેરો પેન્ટ કરેલો છે. આ ઉપરાંત ડાયરીમાં પત્નીને લગતા અનેક શબ્દો લખ્યા હતા. પોલીસને આ ડાયરી મૃત્યુના કારણોની તપાસમાં મહત્વપૂર્ણ પુરાવા તરીકે લાગી રહી છે. તેમાં વ્યક્ત થયેલી વેદના અને નિરાશા આ ઘટનાને વધુ રહસ્યમય બનાવી રહી છે.

### ફાયરિંગના દિવસે...

ગોળીની ઈજા સાથે, ઝાડમાં ભટકાયેલી કારમાંથી મળી આવવાની ઘટનામાં સુરત જિલ્લાની પોલીસ કામે લાગી છે. પરંતુ આ ઘટના જે જગ્યાએ બની તેની આસપાસ આશરે 500 મીટર સુધી કોઈ પણ જગ્યાએ સીસીટીવી કેમેરા નથી. પોલીસ પહોંચી શકે તેવા કોઈ પરિબળ, સાધનો નહીં હોય, તેવી જગ્યાની પસંદગી આ ગુનામાં કરવામાં આવી હોવાનું તારણ નીકળ્યું છે. ફાયરીંગનો પ્લાન જેણે પણ બનાવ્યો, તેણે ખાસ્સી મહેનત, રેકી બાદ અગાઉથી જગ્યા નક્કી કરી હતી અને ઠંડા કલજે ગુનાને અંજામ આપ્યો હોવાનું હાલ દેખાઈ રહ્યું છે. ફોરેસ્ટ ઓફિસરના પતિનો ફોન પણ ઘટનાના દિવસે ચાલુ હતો, પરંતુ તેઓ ફોન રિસીવ ન કરતા હોવાથી પોલીસને દિશા ભટકાવવા માટે આવું કરવામાં આવ્યું હોય એવું લાગી રહ્યું છે. પતિ-પત્ની સોનલ સોલંકી અને નિકુંજ ગોસ્વામી વચ્ચે અણબનાવની વાત જગજાહેર છે અને પોલીસને પતિ નિકુંજ પર શંકા છે. જો કે નિકુંજ ગૌસ્વામીનો ભાઈ વિદેશમાં રહેતો હોવાથી વિદેશ ભાગી ન જાય તે માટે નિકુંજ સામે લુક આઉટ નોટિસ જારી કરી દીધી છે.

### 20થી 25...

લોકોને પકડી પોલીસને સોંપ્યા હતા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન મોલની બહાર મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા અને નારા લગાવ્યા હતાં.

સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસે ઘટના સંદર્ભે સાંકળાયેલા ચાર વ્યક્તિઓને સ્ટેશનમાં બોલાવી પૂછપરછ કરી. બાદમાં બંને પક્ષોની ચર્ચા અને માફીનામાથી મામલો સમાપ્ત કરવામાં આવ્યો છે. જો કે, પોલીસે તપાસ ચાલુ રાખી છે કે પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલી રહી હતી અને તેમાં અન્ય લોકો સંકળાયેલા છે કે નહિ. દરમિયાન ઘટના સ્થળે દોડી આવેલા ધારાસભ્ય મનુ પટેલે કડક નિવેદન આપતાં જણાવ્યું કે, જો ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ ફરી જોવા મળશે તો સમાજ પોતાની સંસ્કૃતિની રક્ષા માટે કડક વલણ અપનાવશે. આ પ્રકારની પ્રવૃત્તિઓને સહન કરવામાં નહીં આવે.

### માજી જિ.પં....

પંચાયત પ્રમુખના કાર્યકાળ દરમિયાન થયેલા વહીવટી ગોટાળા અને ભ્રષ્ટાચારના આક્ષેપો ફરી સપાટીએ આવ્યા છે. પક્ષના અનેક કાર્યકરો અને સ્થાનિક સૂત્રોએ માગણી કરી છે કે માજી પ્રમુખના સમય દરમિયાન થયેલા સ્વભંડોળના ખર્ચ અને લોકભાગીદારી યોજના હેઠળ થયેલી અનિયમિતતાઓની વિસ્તૃત તપાસ હાથ ધરવી જોઈએ.

મળતી માહિતી મુજબ, માજી જિલ્લા પંચાયત પ્રમુખના સમય દરમિયાન જિલ્લાની સ્વભંડોળ રકમ કેવી રીતે અને ક્યાં વપરાઈ, તેની કોઈ પારદર્શક માહિતી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, વિવિધ તાલુકાઓમાં જે હેડ માટે રકમ ફાળવવામાં આવી હતી, તે અન્ય કામોમાં વાપરી નાખવામાં આવી હોવાના આક્ષેપ થયા છે.

નવું પંચાયત ભવન બન્યું ત્યારે પણ સ્વભંડોળનો મોટા પાયે ઉપયોગ કરાયો હતો. જે બજેટ માટે મંજૂર હતું તે સિવાય વધારાની રકમ સ્વભંડોળમાંથી ઉઠાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. આના પરિણામે જિલ્લા વિકાસની ગ્રાન્ટ પર સીધી અસર થઈ હોવાનું પણ કહેવામાં આવે છે. આ અનિયમિતતાઓ છતાં કોઈ તપાસ કે કાર્યવાહી હાથ ધરાઈ નથી. જિલ્લાના અનેક કાર્યકરો હવે આ મામલે રાજ્ય સ્તરે તપાસની માંગ ઉઠાવી રહ્યા છે. આવતા અઠવાડિયે નિરીક્ષકો આવશે ત્યારે ઘણા અસંતોષ ધરાવતા લોકો નિરીક્ષકોને પણ આ માજી પ્રમુખના કારભારની વિગતો સાથે માહિતી આપવાના છે. જો ભાજપ આવા વિવાદાસ્પદ માજી પ્રમુખને ફરી સંગઠનમાં સ્થાન આપે, તો તે પક્ષ માટે "આત્મઘાતી પગલું"સાબિત થશે. "ભાજપની છબી સ્વચ્છ શાસનની છે, પણ જો જૂના ખેલાડીઓને ફરી તક આપવામાં આવશે, તો જિલ્લાની નાવ ડુબાડશે,"એમ કાર્યકરો સ્પષ્ટ કહી રહ્યા છે.

**ભ્રષ્ટાચાર સામે સરકારનો પરિપત્ર, ડીડીઓને તપાસની સૂચના**

સમગ્ર રાજ્યમાં જિલ્લા પંચાયતના અનેક ફરિયાદો છે. જેમાં સુરતમાં પણ અનેક ગંભીર ફરિયાદો પેન્ડીંગ છે. જિલ્લા પંચાયતના આક્ષેપોને પગલે રાજ્ય સરકારએ ગઈકાલે ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી માટે પરિપત્ર જાહેર કર્યો છે. જિલ્લા વિકાસ અધિકારીઓને (ડીડીઓ) ફરિયાદોની તપાસ કરી રિપોર્ટ આપવા સૂચના આપવામાં આવી છે. કાર્યકરોનું કહેવું છે કે આ પરિપત્ર હેઠળ સૌપ્રથમ સુરત જિલ્લાના મામલાઓની તપાસ શરૂ થવી જોઈએ, કારણ કે અહીં ભ્રષ્ટાચારના કેસોની સંખ્યા સૌથી વધારે છે.

### બારડોલી તાલુકાના....

આજદિન સુધી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. માજી પ્રમુખે પોતાના માનીતા અધિકારીઓને એક જ તાલુકામાં વર્ષો સુધી જાળવી રાખ્યા હતા, જેથી તેઓની દેખરેખ વગર મનફાવે તેમ વહીવટ ચલાવી શકાય.